# ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની મહેસુલ સદરે હાથ ધરવામાં આવતી પ્રવૃતિઓનું કામગીરી અંદાજપત્ર વર્ષ ૨૦૧૯-૨૦

---

ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ, ગાંધીનગરના તા.૧૦-૦૪-૧૯૯૨ના ઠરાવ ક્રમાક-સનન-૧૦૯૨-૨૦૨-અ થી ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી એવા નામાભિધાન સાથે સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ ૧૮૬૦ અને બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ હેઠળ એક સ્વાયત્ત સોસાયટી તરીકે નોંધણી કરવાની મંજુરીસહ અકાદમીની બંધારણીય મંજુરી આપવામાં આવતા સ્વાયત્ત એકમ તરીકે અસ્તિત્વમાં આવેલ છે. આ સ્વાયત એકમનું ગુજરાત સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા સંચાલન થાય છે.

પ્રજાના સાંસ્કૃતિક જીવનને ઉન્નત કરવાના આશયથી અકાદમીની રચના કરવામાં આવે છે. ગુજરાતના પ્રાચીન વારસાને ટકાવી રાખાવાના પ્રયત્ન સાથે કલા સંસ્થાઓ, કલાકારો અને સંગીત, નૃત્ય, નાટ્યની તેમજ અન્ય રંગમંચલક્ષી કલાઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપશે તેમજ જરૂર જણાયત્યાં અકાદમી પોતે પ્રવૃતીઓનું આયોજન કરશે. અકાદમી દસ્તાવેજીકરણ, આર્કોઇવ્સ સંગ્રાહાલય, પુસ્તક પ્રકાશન, સંસોધન, પ્રાયોગિકરણ, માવજત અને સંવર્ધન પર વિશેષ લક્ષ આપશે.

અત્યાર સુધીમાં અકાદમીને કુલ રૂા.૧૦૦.૦૦/-લાખનું કોપર્સ ફંડ આપવામાં આવ્યું છે. આ અકાદમી દ્વારા વર્ષભર રંગમંચલક્ષી કલાના ક્ષેત્રની વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે પંડિત ઓમકારનથ શાસ્ત્રીય સંગીત સ્પર્ધા અને સમારોહ, નાટય, લોકકલા, સંગીતની તાલીમ, શીબીરો, સંગીત નાટય ભારતી મહાવિધાલય રાજકોટની વાર્ષિક પરીક્ષા, યુવા અને લબ્ધ પ્રતિષ્ઠિત કલાકારોના શાસ્ત્રીય સંગીત ક્ષેત્રના કાર્યક્રમો, સુગમ સંગીત સંમેલન, તાનારીરી શાસ્ત્રીય સંગીત સમારોહ, ભકિત સંગીત સમારોહ, લોકનૃત્ય સમારોહ, શાસ્ત્રીય નૃત્ય સમારોહ, રાજ્ય એકાંકી નાટય સ્પર્ધા અને રાજ્યકક્ષાએ ત્રિઅંકી નાટય સ્પર્ધા અને નામાંકિત કલાકારો ને ગૌરવ પુરસ્કાર ગુરૂ – શિષ્ય પરંપરા હેઠળ સંગીત, નૃત્ય, લોકનૃત્ય, નાટકની તાલીમ આપવી, ભવાઇ સંમેલન, વિશ્વ રંગભુમિદિન નાટય મહોત્સવ પ્રતિભાશાળી નાટય ધ્વારા નાટય/દિગ્દર્શક સહાય યોજના, મહીલા શાસ્ત્રીય સંગીત સમારોહ, શરદોત્સવ પં.નંદન મહેતા શાસ્ત્રીય સંગીત સ્પર્ધા અને સમારોહ ઉપરાંત વિવિધ તાલીમ શિબિરો અને પરિસંવાદોનું આયોજન જેવી વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે.

## (અ) મહેસુલ સદરે હાથ ધરવામાં આવતી પ્રવૃતિઓ

**(અ) ચાલુ યોજના**

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત/પસંદગી પધ્ધતિ | રકમ (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | સ્વ.જશવંતસિંહ અને સ્વ.રસીકલાલ અંધારીયા સ્કોલરશીપ | શાસ્ત્રીય સંગીતના સ્નાતક તથા નિષ્ણાંત તજજ્ઞ હેઠળ ઓછામાં ઓછી સાત વર્ષની તાલીમ મેળવેલ હોય તેવા વીસ થી પાત્રીસ વર્ષની ઉંમરના તાલીમાર્થીને રૂ.૧૦૦૦/- માસીક શિષ્યવૃતિ અને ગુરૂને રૂા.૧૦૦૦- માસિક માનદવેતન આપવામાં આવે છે. | ૨૦.૩૦ |
| ૨ | શાસ્ત્રીય સંગીત અને સુગમ સંગીત પર વર્કશોપ અને સેમીનાર (નવોદિત કલાકારો માટે) | શાસ્ત્રીય અને સુગમ સંગીતના વિકાસ અને જતન માટે તેમજ નવોદિત આશાસ્પદ કલાકારોને તાલીમ માટે આ યોજના હાથ ધરવામાં આવે છે. આ શિબિરના આયોજન માટે શિબિરાર્થીઓને પ્રવાસ ભાડું, દૈનિક ભોજન ખર્ચ, તજજ્ઞોને પુરસ્કાર, નિવાસ, ભોજન અને પ્રવાસ ભથ્થાની ચૂકવણી અને આનુષાંગિક ખર્ચ કરવામાં આવે છે. | ૮.૫૦ |

| | | | |
|---|---|---|---|
| ૩ | સુગમ સંગીત અને શાસ્ત્રીય સંગીત મહોત્સવ (રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ પ્રાપ્ત કલાકારો માટે) | સુગમ સંગીત અને શાસ્ત્રીય સંગીતના પ્રચાર-પ્રસાર અને જતન માટે રાજય અને રાષ્ટ્રિય કક્ષાએ ખ્યાતિ પ્રાપ્ત કરેલ કલાકારોને આમંત્રણ આપી કાર્યક્રમ યોજવામાં આવે છે. | ૧૨.૦૦ |
| ૪ | આદિત્યરામજી શાસ્ત્રીય સંગીત મહોત્સવ | ધ્રુપદ અને મૃદંગ વાદનની કલાનું જતન થાય તે માટે પંડિત આદિત્યરામની સ્મૃતિમાં શાસ્ત્રીય સંગીત મહોત્સવ યોજવામાં આવે છે. | ૫.૨૫ |
| ૫ | મહિલા શાસ્ત્રીય સંગીત મહોત્સવ | મહિલાઓ શાસ્ત્રીય સંગીતક્ષેત્રે વધુ ને વધુ ભાગ લેવા પ્રેરાય તે માટે રાજયમાં વિવિધ સ્થળે પ્રતિવર્ષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. | ૮.૦૦ |
| ૬ | ગુરૂ શિષ્ય પરંપરાની તાલીમ, વર્કશોપ/સેમીનાર | શાસ્ત્રીય સંગીત, લોકસંગીત, શાસ્ત્રીય નૃત્ય અને નાટયના ક્ષેત્રે અનુભવી ગુરૂ દ્વારા તાલીમ પૂરી પાડવાની યોજના છે. આ યોજના મુજબ દર મહીને ગુરૂને રૂ.૧,૫૦૦/- માસિક માનદ વેતન અને શિષ્યને રૂ.૪૦૦/- માસિક શિષ્યવૃતિ આપવામાં આવે છે. | ૪.૦૦ |
| ૭ | તાનારીરી મહોત્સવ (રાષ્ટ્રીય કક્ષા) અને તાનારીરી એવોર્ડ વિતરણ સમારંભ | વડનગર ખાતે કલાકાર બેલડી તાના અને રીરીની સ્મૃતિમાં રાષ્ટ્રીયકક્ષાનો સમારોહ યોજવામાં આવે છે. આ સમારોહમાં રૂા.૫.૦૦ લાખનો રોકડ પુરસ્કાર, શાલ, પ્રસંશાપત્ર વગેરે આપી ૨(બે) મહિલા કલાકારશ્રીઓને એવોર્ડ આપી સન્માનવામાં આવે છે. | ૯૫.૫૦ |
| ૮ | પં.ઓમકારનાથ શાસ્ત્રીય,સંગીત મહોત્સવ | પં.ઓમકારનાથની સ્મૃતિમાં રાષ્ટ્રીય કક્ષાનો આ મહોત્સવ યોજવામાં આવે છે. | ૧૦૦.૦૦ |
| ૯ | શરદોત્સવ પં.નંદન મહેતા શાસ્ત્રીય સંગીત સ્પર્ધા અને સમારોહ | ગુજરાતનાં તાલવાદ્ય ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલ સ્વ.પં.નંદન મહેતાની પૂણ્યતિથિ (તા.૨૬ ફેબ્રુઆરી) નિમિત્તે ત્રિદિવસીય શાસ્ત્રીય સંગીત, તાલવાદ્ય સ્પર્ધા અને સમારોહનું આયોજન કરવામાં આવે છે. પ્રથમ રૂા.૧૧,૦૦૦/- દ્વિતિય રૂા.૮,૦૦૦/- અને તૃતીય રૂા.૫,૦૦૦/- ના ઇનામો વિજેતા કલાકારોને આપવામાં આવે છે. | ૨૫.૦૦ |
| ૧૦ | પ્રતિભાશાળી નાટય દિગ્દર્શકોને નાટય નિર્માણ માટે આર્થિક સહાય | ગુજરાતી નાટય કલા ક્ષેત્રે વધુ મૌલિક નાટકો નિર્માણ પામે તે માટે દિગ્દર્શકોને કુલ રૂા.૧.૦૦ લાખની આર્થિક સહાય આપવામાં આવે છે. જે પૈકી રૂા.૪૫,૦૦૦/- પ્રોડક્શન માટે, નાટય લેખન માટે રૂા.૫૦૦૦/- પ્રમાણે લેખકને પુરસ્કાર તથા નાટકના પ્રત્યેક શો દીઠ રૂા.૧૦,૦૦૦/- લેખે પાંચ શો ના ૫૦,૦૦૦/- ચુકવવામાં આવે છે. ૧૫ જેટલી સંસ્થાઓ સહાય આપવામાં આવે છે. | ૧૫.૫૦ |
| ૧૧ | જૂની રંગભૂમિના નાટકોનું પૂનઃનિર્માણ | ગુજરાતી રંગભૂમિ તેના જૂના નાટકોથી આજે પણ સમૃધ્ધ છે. ત્યારે આવા જુના નાટકોને પુનઃજીવીત કરી મંચસ્થ કરવા માટે એક સંસ્થા દીઠ રૂા.૫૦,૦૦૦ પ્રમાણે ૫૦ સંસ્થાઓને સહાય અપાય છે. | ૨૫.૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | ભવાઇ તાલીમ કેન્દ્ર પૂનઃજીવિત કરવા અંગે | વિસરાતી જતી કલાઓ પૈકીની ભવાઇ કલાને જીવંત રાખવા માટે તાલીમ શિબિરોનું આયોજન કરવામાં આવે છે. | ૫.૦૦ |
| ૧૩ | કલ કે કલાકાર સમારોહ અને શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ | શાસ્ત્રીય નૃત્યની તાલીમ મેળવી હોય તેવા ૧૭ થી ૨૫ વર્ષની વયના કાલાકારોનો દર વર્ષે શાસ્ત્રીય નૃત્ય નો કાર્યક્રમ યોજવામાં આવે છે. આ કાર્યક્રમના આયોજન માટે કલાકારોને પ્રવાસ ભાડું, દૈનિક ભોજન ખર્ચ, તજજ્ઞોને પુરસ્કાર, નિવાસ, ભોજન અને પ્રવાસ ભથ્થાની ચૂકવણી અને કાર્યક્રમના આયોજન માટે થતા આનુષાંગિક ખર્ચ કરવામાં આવે છે. | ૯.૦૦ |
| ૧૪ | શાસ્ત્રીય નૃત્ય અને પરંપરાગત નૃત્યો પર સેમીનાર અને વર્કશોપ | લોક નૃત્ય અને શાસ્ત્રીય નૃત્યના કલાકારોની તાલીમ શિબિર યોજી તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ શિબિરના આયોજન માટે શિબિરાર્થીઓને પ્રવાસ ભાડું, દૈનિક ભોજન ખર્ચ, તજજ્ઞોને પુરસ્કાર, નિવાસ, ભોજન અને પ્રવાસ ભથ્થાની ચૂકવણી અને આનુષાંગિક ખર્ચ કરવામાં આવે છે. | ૭.૦૦ |
| ૧૫ | ચાંપાનેર મહોત્સવ | ચાંપાનેરના સ્મારકોના વર્લ્ડ હેરીટેઝ તરીકે યુનેસ્કો દ્વારા જાહેર કરવામાં આવતા ચાંપાનેર ખાતે પ્રતિવર્ષ ચાંપાનેર મહોત્સવ યોજવામાં આવે છે. આ કાર્યક્રમમાં મુખ્યત્વે ગુજરાતના જુદા-જુદા પ્રાંતના પ્રસિધ્ધ લોકનૃત્યો રજુ કરવામાં આવે છે. | ૧૦.૦૦ |
| ૧૬ | શાસ્ત્રીય નૃત્ય તથા નાટયક્ષેત્રના વૃંદોને અન્ય રાજયોમાં તથા વિદેશમાં મોકલી નૃત્ય તથા નાટયના કાર્યક્રમોના આયોજન માટે આર્થિક સહાય | રાષ્ટ્રિય તેમજ આંતર રાષ્ટ્રિય કક્ષાએ નામના મેળવી ચુકેલ રાજયના શાસ્ત્રીય નૃત્યના તથા નાટયક્ષેત્રના વૃંદોને અન્ય રાજયોમાં તથા વિદેશમાં મોકલી નૃત્ય તથા નાટયના કાર્યક્રમોના આયોજન માટે સહાય સૂચવવામાં આવી છે. રાજય બહારના કાર્યક્રમો માટે રૂા.૨,૦૦,૦૦૦/-ની આર્થિક સહાય ચુકવવામાં આવે છે. | ૧૧૦.૦૦ |
| ૧૭ | રંગમંચલક્ષી કલાઓના નિર્ધારીત વિશ્વદિનની ઉજવણી | રાજ્યમાં વિશ્વરંગભુમિ દિન (૨૭ માર્ચ), વિશ્વ સંગીત દિન (૨૧ જુન) વિશ્વનૃત્ય દિન (૨૯ એપ્રિલ)ની ઉજવણીના કાર્યક્રમો અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. | ૧૯.૦૦ |
| ૧૮ | અકાદમીના સ્થાપના દિને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન | અકાદમીની સ્થાપના દિન ૧૮મી મે ના રોજ સંગીત નૃત્ય અને નાટય અંગેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. | ૧.૦૦ |
| ૧૯ | સાંસ્કૃતિક ધરોહર યોજના | આ યોજના હેઠળ રાજયની પરંપરાગત સાંસ્કૃતિક અસ્મિતા વિષયક સંગીત, નૃત્ય, નાટ્ય, લોક સાહિત્ય પર આધારિત વિવિધતા સભર સાંસ્કૃતિક કાર્યક્મો ગાંધીનગર ખાતે યોજવામાં આવે છે. | ૨૪.૦૦ |
| ૨૦ | નગરપાલિકા વિસ્તારમાં સાંસ્કૃતિક કેન્દ્રો/ઓડીટોરીયમ ઉભા કરવા/ટ્રસ્ટો-સંસ્થાઓને સહાય | નગરપાલિકા વિસ્તારમાં સાંસ્કૃતિક કેન્દ્રો/ઓડીટોરીયમ ઉભા કરવા/ટ્રસ્ટો-સંસ્થાઓને સહાય માટે મળેલ અરજીઓની ચકાસણી કરી મંજુરી આપવામાં આવે છે. | ૫.૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | કવિ કાલીદાસ નિર્મિત નાટય નિર્માણ કરવા આર્થિક સહાય | કવિ કાલીદાસ નિર્મિત અલભ્ય એવા નાટકનું નાટય નિર્માણ કરનાર કલા સંસ્થા કે કલાકારને આર્થિક સહાય આપવામાં આવે છે. | ૧૦.૦૦ |
| ૨૨ | સંગીત, નૃત્ય અને નાટય વિકાસ સંશોધન કાર્ય | વર્તમાન નવોદિત કલાકારોને સંગીત નૃત્ય અને નાટ્યની મૃત:પાય થતી મુળ કલાની સાચી ઓળખ, સમજ અને સંસ્કૃતિની ઝાંખી કરાવવા સંશોધન-રીસર્ચ કામગીરી માટે આયોજન સંચાલન કરવામાં આવે છે. | ૩૦.૦૦ |
| ૨૩ | લોકસંગીત/ડાયરાનો કાર્યક્રમને ઉતેજન આપવા | ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને મૂળ સ્વરૂપમાં રજુ કરવા માટે તથા સાચી ઓળખની ઝાંખી કરાવવા ગુજરાતનાં જુદા જુદા સ્થળોએ લોકસંગીત/ડાયરા/સંતવાણીના કાર્યક્રમો યોજવામા આવે છે. | ૧૩૦.૦૦ |
| ૨૪ | દુલાભાયા કાગ | ગુજરાતના નામી લોકકવિ સ્વ.દુલાભાયા કાગના જન્મ દિન/પુણ્ય તિથિ નિમિત્તે ગુજરાતની નવી પેઢીને લોકકલા, લોકસંગીત, ભજનના કાર્યક્રમ ધ્વારા સાંસ્કૃતિક વારસાની ઝાંખી કરાવવા ગુજરાતના જુદા જુદા સ્થળોએ કાગકથાનું આયોજન કરવામાં આવે છે. | ૨૫.૦૦ |
| ૨૫ | પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સ્પર્ધા | પંડિત ઓમકારનાથની સ્મૃતિમાં ૧૨ થી ૧૯ વર્ષની વયના તથા ૨૦ થી ૩૫ વર્ષની વયના શાસ્ત્રીય સંગીતના કલાકારો માટે ગાયન, સ્વરવાદ્ય તથા તાલ વાદ્યની સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. | ૧.૦૦ |
| ૨૬ | શાસ્ત્રીય સંગીત સભા | શાસ્ત્રીય સંગીતનો વધુ પ્રચાર થાય તે હેતુથી રાજયના આશાસ્પદ કલાકારોમાંથી પસંદગી કરીને કાર્યક્રમ યોજવામાં આવે છે. | ૦.૫૦ |
| ૨૭ | ભકિત સંગીત સંમેલન | રાજયની વિવિધ પરંપરાગત પ્રાચીન અને અર્વાચીન ભજન શૈલી તથા સંતવાણી જેવા કલા વારસાની જાળવણી માટે આ સંમેલન યોજવામાં આવે છે. | ૧.૦૦ |
| ૨૮ | સંગીત નાટય ભારતી રાજકોટની પરિક્ષા | શાસ્ત્રીય ગાયન, શાસ્ત્રીય વાદ્ય તેમજ શાસ્ત્રીય નૃત્યના ક્ષેત્રે પ્રારંભથી વિશારદ, અલંકાર સુધીની પરીક્ષાઓ લેવામાં આવે છે. | ૦.૫૦ |
| ૨૯ | લોક સંગીત સમારોહ | પ્રાચીન લોક સંસ્કૃતિની જાળવણી માટે રાજયના રાષ્ટ્રિય તેમજ આંતર રાષ્ટ્રિય કલાકારોનો સમારોહ યોજવામાં આવે છે. બોટાદ ખાતે રાષ્ટ્રિય શાયર સ્વ.ઝવેરચંદ મેધાણીની પૂણ્યતિથિ નિમિત્તે તા.૦૯ માર્ચ તેમજ મહાત્મા ગાંધી નિર્વાણદિન/શહીદ દિન તા.૩૦ જાન્યુઆરીના રોજ શૌર્ય- ગાંધી ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવે છે. | ૧.૦૦ |
| ૩૦ | શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ | રાજય તથા રાજયબહારના નૃત્ય કલાકારોનો કાર્યક્રમ યોજવામાં આવે છે. | ૧.૦૦ |
| ૩૧ | તાના - રીરી શાસ્ત્રીય સંગીત સમારોહ | વડનગર ખાતે રાજયની સુપ્રસિધ્ધ શાસ્ત્રીય સંગીતની કલાકાર બેલડી તાના અને રીરી ની સ્મૃતિમાં આ સમારોહ યોજવામાં આવે છે. | ૮.૦૦ |
| ૩૨ | રાજયકક્ષા એકાંકી | રાજ્યકક્ષાની એકાંકી નાટકની સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. | ૩.૦૦ |

| | | | |
|---|---|---|---|
| | નાટય સ્પર્ધા | પ્રથમ વિજેતા નાટકને રૂા.૨,૦૦૦/- દ્વિતીય રૂા.૧,૫૦૦/- તૃતીય રૂા.૧,૦૦૦/- પુરસ્કાર આપવામાં આવે છે. મૌલિક નાટક રૂા.૫૦૦/- શ્રેષ્ઠ દિગ્દર્શક રૂા.૫૦૦/- શ્રેષ્ઠ લેખકને રૂા.૫૦૦/- શ્રેષ્ઠ દ્રશ્ય રચનાને રૂા.૫૦૦/- લેખે ઇનામ આપવામાં આવે છે. | |
| ૩૩ | રાજય લોક નૃત્ય મહોત્સવ | દરવર્ષે ગાંધીનગર સંસ્કૃતિકુંજ ખાતે જે લોકોત્સવ યોજવામાં આવે છે. તેમાં ભાગ લેતા વૃંદોના બે કાર્યક્રમ રાજયના અન્ય બે સ્થળે યોજવામાં આવે છે. | ૧.૦૦ |
| ૩૪ | સુગમ સંગીત સંમેલન | રાજયના પ્રતિષ્ઠિત અને નવોદિત કલાકારોનું સુગમ સંગીત સંમેલન યોજવામાં આવે છે. | ૧.૦૦ |
| ૩૫ | ગૌરવ પુરસ્કાર સમારોહ | સંગીત, નૃત્ય, નાટય અને લોકકલા ક્ષેત્રે નોંધપાત્ર સિધ્ધિ મેળવનાર ૧૨ કલાકારોને પ્રત્યેકને રૂા.૫૧,૦૦૦/-નો રોકડ પુરસ્કાર, તામ્રપત્ર તથા પ્રશસ્તિ પત્ર આપવામાં આવે છે. | ૫.૫૦ |
| ૩૬ | પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સમારોહ | પંડિત ઓમકારનાથ ની સ્મૃતિમાં યોજવામાં આવે છે. | ૦.૭૫ |
| ૩૭ | બૈજુ શાસ્ત્રીય સંગીત સમારોહ | સંગીતજ્ઞ બૈજનાથની સ્મૃતિમાં યોજવામાં આવે છે. | ૦.૭૫ |
| ૩૮ | વિભાગીય ત્રિઅંકી નાટય સ્પર્ધા | આ નાટય સ્પર્ધામાં ૧૫ થી ૨૦ જેટલા નાટકોને બે વિભાગમાં વહેંચી વિભાગ દીઠ સ્પર્ધા યોજવામાં આવે છે. | ૩.૦૦ |
| ૩૯ | રાજયકક્ષા ત્રિઅંકી નાટય સ્પર્ધા | વિભાગીય ત્રિઅંકી નાટય સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતિય ક્રમે વિજેતા થયેલ નાટકોની રાજયકક્ષાની સ્પર્ધા યોજવામાં આવે છે. પ્રથમ વિજેતા નાટકને રૂા.૩,૦૦૦/- દ્વિતીય રૂા.૨,૫૦૦/- તૃતીય રૂા.૨,૦૦૦/- પુરસ્કાર આપવામાં આવે છે. સ્પર્ધામાં ભાગ લેનાર સંસ્થાને રૂા.૫,૦૦૦/- નો રોકડ પુરસ્કાર પ્રથમ ક્રમે આવનાર નાટકને રૂા.૧૦,૦૦૦/- દ્વિતીયને રૂા.૭,૦૦૦/- અને મૌલિક નાટકને રૂા.૫૦૦/- નો પુરસ્કાર આપવામાં આવે છે. | ૧.૦૦ |
| ૪૦ | નાટય તાલીમ શિબિર | યુવાન કલાકારોને નાટય પ્રવૃતિઓમાં રસ લેતા કરવા માટે તથા નાટય ક્ષેત્રના તજજ્ઞો, દિગ્દર્શક તથા નાટય લેખકોનું પ્રત્યક્ષ માર્ગદર્શન મળી રહે તે માટે પસંદગી પામેલ ૨૫ થી ૫૦ કલાકારોની તાલીમ શિબિર યોજવામાં આવે છે. | ૧.૦૦ |
| ૪૧ | તુરી બારોટ નાટ્ય નિર્માણ આર્થિક સહાય (SCSP) | પ્રતિ વર્ષ આ યોજના હેઠળ તુરી બારોટ સમાજના કલાકારોની ૧૫ નાટ્ય મંડળીઓને રૂા.૨૫,૦૦૦/- લેખે ૧૨૦ નાટક મંડળીઓને કુલ રૂા.૩૦.૦૦ લાખની આર્થિક સહાય ચુકવવામાં આવે છે. | ૩૦.૦૦ |
| ૪૨ | | સ્વાયત્ત સંગીત નાટક અકાદમીના પગાર ભથ્થા/ કચેરી ખર્ચ / કર્મચારીના પ્રવાસ ભથ્થાનો ખર્ચ | ૬૮.૦૦ |
| | | કુલ (અ) | ૮૩૨.૦૫ |
| (બ) મંજુર થયેલ નવી બાબત (વર્ષ ૨૦૧૯-૨૦) | | | |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત/પસંદગી પધ્ધતિ | રકમ (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની નવી કચેરી રીનોવેશનથી તૈયાર કરવા અંગે | આ કચેરીની કામગીરી અને કર્મચારીના સંખ્યાબળને ધ્યાને લઇ આ કચેરીમાટે ડો.જીવરાજ મહેતા ભવન ખાતે બ્લોક નં-૧૪/૨,માળે ૧૮૦૦.ચોરસફુટ જગ્યા ફાળવવામાં આવેલ છે. આ જગ્યા ઉપર અદ્યતન સુવિધાવાળી કચેરીનું નિર્માણ કરવામાં આવશે. | ૩૦.૦૦ |
| ૨ | તમામ કલાની પ્રતિભાશોધ(ટેલેન્ટ હન્ટ) | આ યોજનાનું અમલીકરણ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના દ્વારા નિયમઅનુસાર કરવામાં આવશે. વિવિધ રંગમંચલક્ષી કલાઓના કલાકારોની પ્રતિભાને શોધવા માટે કલાકારો દ્વારા તેમની કલાઓનું રંગમંચ પર પ્રદર્શન કરાવી કલાઓના તજજ્ઞો દ્વારા પ્રતિભાવંત કલાકારોની શોધ કરવામાં આવશે. | ૧૦૦.૦૦ |
| ૩ | ગુજરાત રાજ્યના ગુજરાતી તથા હિન્દી, ભાષાના નામાંકિત લેખક કવિ/કલાકારોની કૃતિને સ્વરાંજલિ | ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર ધ્વારા નામાંકિત ગુજરાત રાજ્યના તમામ કવિઓ તથા મહાનુભાવોના જન્મ દિવસ અથવા પુણ્યતિથિના દિવસે તેમના વતનમાં ચાહકોના સ્થળે (રાજ્ય-રાજ્ય બહાર ૪૦% થી ૬૦% સહયોગથી) સ્વરાંજલિ આપવાના સ્ટેજ કાર્યક્રમોના આયોજન કરવામાં આવશે. | ૧૦૦.૦૦ |
| ૪ | શાસ્ત્રીય સંગીત સમારોહ | સપ્તક અમદાવાદ સંસ્થા દ્વારા આંતરરાજ્ય /આંતરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત તજજ્ઞ કલાકારશ્રીઓને આમંત્રિત કરી શાસ્ત્રીય સંગીત સમારોહનું આયોજન અમદાવાદ ખાતે ૧ જાન્યુ થી ૧૩ મી જાન્યુ દરમ્યાન કરવામાં આવશે. આ સમારોહના સહયોગી સંસ્થા તરીકે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર સરખા હિસ્સાની સહયોગી સંસ્થા તરીકે આયોજન અને સંચાલનમાં સામેલ થશે. | ૭૫.૦૦ |
| ૫ | "એક શામ ભારત સેના કે નામ" કાર્યક્રમ | ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના ઉપક્રમે ભારતીય સેનાના બહાદુરી ભરી સેવા અને પ્રજાનું પીઠબળ અને પ્રોત્સાહીત આપવા માટે રાજ્યના ખ્યાત નામ કલાકરો અને કવિઓ ધ્વારા દેશભક્તિ શોર્યગીત ગાથાના કવિ સંમેલન અને મુશાયરાના સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન તા.૦૨/૦૩/૧૯ થી તા.૦૭/૦૩/૧૯ દરમ્યાન ગુજરાત રાજ્યના જિલ્લા મથકોએ જેવા કે અમદાવાદ, બનાસકાંઠા(પાલનપુર), અમરેલી, જૂનાગઢ, આણંદ, વલસાડ, છોટાઉદેપુરમાં આજકી શામ ભારતકી સેના કે નામ શીર્ષક હેઠળ લોકડાયરાઓનું આયોજન કરવામાં આવેલ હતું. આ અંગેનો ખર્ચ આકસ્મિક નિધીમાંથી કરવામાં આવેલ છે. | ૮૦.૦૦ |
| | | કુલ (બ) | ૩૮૫.૦૦ |
| | | કુલ (અ) + (બ) | ૧૨૧૭.૦૫ |